# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref No. PN 2024-25/029 Dt. 17/07/2024

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## તાપી અને ભરૂચ જિલ્લાના ગામોમાં 73AAની જમીન પર સોલાર પ્રોજેકટ સ્થાપવાની મંજૂરી અપાવવા SGCCIની બારડોલીના સાંસદ શ્રી પ્રભુભાઇ વસાવાને રજૂઆત

### રૂરલ ઇકોનોમીના ડેવલપમેન્ટ હેતુ ગામોના મધ્યમ તથા મોટા વેપારીઓ, સહકારી મંડળીઓ અને ગ્રામજનોને ચેમ્બરની સાથે જોડીને ગ્રામ્ય વિસ્તારના સર્વાંગી વિકાસ માટે ખેડૂતો સાથે ભાગીદારી સાધવાની દિશામાં પ્રયાસ કરવાની સાંસદ શ્રી પ્રભુભાઇ વસાવાએ ચેમ્બરને ખાત્રી આપી

### ચેમ્બર દ્વારા 'સહકારથી સમૃદ્ધિ' અભિયાનને વેગ આપવા માટે સહકારી મંડળીઓ સાથે મળીને ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસની દિશામાં પ્રયાસો કરાશે : ચેમ્બર પ્રમુખ શ્રી વિજય મેવાવાલા

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૧૭ જુલાઇ ૨૦૨૪ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે બારડોલીના સાંસદ શ્રી પ્રભુભાઇ વસાવા સાથે મિટીંગ યોજાઇ હતી. જેમાં ચેમ્બર પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી રમેશ વઘાસિયા, માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલા અને માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુકલ, પૂર્વ પ્રમુખ શ્રી હિમાંશુ બોડાવાલા, ઓલ એકઝીબીશન્સ ચેરમેન શ્રી બિજલ જરીવાલા અને ચેમ્બરની એગ્રીકલ્ચર કમિટીના ચેરમેન શ્રી કે.બી. પીપલીયા વિગેરેએ સાંસદશ્રી સાથે જુદી જુદી બાબતે ચર્ચા કરી હતી. ચેમ્બર પ્રમુખે કેટલાક મુદ્દાઓ અંગે સાંસદશ્રી સમક્ષ લેખિતમાં રજૂઆત કરી હતી.

ચેમ્બર પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સાંસદશ્રીને રજૂઆત કરી હતી કે, દક્ષિણ ગુજરાતમાં જમીન ઘણી મોંઘી છે, આથી તાપી જિલ્લા અને ભરૂચ જિલ્લાના ગામોમાં આવેલી 73AAની જમીન કે જેમાં ખેતી થતી નથી એવી જમીન પર સોલાર પ્રોજેકટ સ્થાપવાની મંજૂરી મળવી જોઈએ. ગુજરાતમાં ડિસ્કોમ બદલાઈ જાય તો ઘણા મોટા પ્રમાણમાં ટ્રાન્સમિશન ચાર્જ અને ટ્રાન્સમિશન લોસ ઉદ્યોગકારોએ ભોગવવો પડે છે. ઉદ્યોગકારોની આ મુશ્કેલીને નિવારવા માટે જમીનના વપરાશના કાયદામાં ફેરફારની માગણી ચેમ્બર દ્વારા કરવામાં આવી હતી.

ગુજરાતની ઔદ્યોગિક નીતિમાં તાપી જિલ્લામાં આવેલા વ્યારા અને વાલોડ તાલુકાને કેટેગરી ત્રણમાં મુકવામાં આવ્યા છે, જેમાં ફેરફાર કરી કેટેગરી એકમાં લાવવા ગુજરાત સરકારને અનુરોધ કરવા માટે સાંસદશ્રીને ચેમ્બર પ્રમુખે વિનંતી કરી હતી. તાપી જિલ્લામાં ઔદ્યોગિક વિકાસ થાય તે માટે ચેમ્બરે અગાઉ પણ રાજ્ય સરકારને વિગતવાર રજૂઆતો મોકલાવી છે તે અંગે તેમને જાણ કરવામાં આવી હતી.

આ ઉપરાંત ચેમ્બર દ્વારા 'સહકારથી સમૃદ્ધિ' અભિયાનને વેગ આપવા માટે સહકારી મંડળીઓ સાથે મળીને રૂરલ ડેવલપમેન્ટની દિશામાં પ્રયાસો શરૂ કર્યા છે ત્યારે ચેમ્બર પ્રમુખના આ પ્રયાસને સાંસદશ્રીએ બિરદાવ્યો હતો. આ સંદર્ભે ચેમ્બર પ્રમુખે રજૂઆત કરી હતી કે, રૂરલ ઇકોનોમીને એક લેવલ સુધી પહોંચાડવા માટે ગામોના મધ્યમ તથા મોટા વેપારીઓ અને સહકારી મંડળીઓને ચેમ્બરની સાથે જોડીને ગ્રામ્ય વિસ્તારના સર્વાંગી વિકાસ માટે ખેડૂતો સાથે ભાગીદારી સાધવાની દિશામાં પ્રયાસ કરવામાં આવશે. ખેડૂતો તરફથી સાથ અને સહકાર મળી રહે તે માટે પ્રયાસ કરવાની સાંસદ શ્રી પ્રભુભાઇ વસાવાએ ખાત્રી આપી હતી.

સુરત ફરતેના ગામોમાં મહિલાઓ દ્વારા ગૃહ ઉદ્યોગ ચલાવવામાં આવે છે ત્યારે આ મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે તેઓને રેડીમેડ ગારમેન્ટ બનાવવાની ટ્રેનીંગ આપી શકાય તે માટે ગામડાઓમાં ગારમેન્ટીંગ હબ બનાવવાની દિશામાં ચેમ્બર પ્રયાસ કરી રહયું છે. ગામની મહિલાઓને સશકત બનાવવા તેઓને ટ્રેનીંગ આપી શકાય તે માટે સાંસદશ્રીને રજૂઆત કરવામાં આવી હતી. આ દિશામાં તાત્કાલિક પગલાં લેવાની ખાત્રી સાંસદશ્રીએ ચેમ્બરને આપી હતી.

આ ઉપરાંત એગ્રીકલ્ચર અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં થતા વેસ્ટનો ઉપયોગ કરી ખાતર તરીકે કરી શકાય તે દિશામાં પ્રયાસ કરવા રજૂઆત કરવામાં આવી હતી. સાથે જ ફૂડ પ્રોડકટમાં વેલ્યુ એડિશન કરી તેની ગુણવત્તા વધારવા અને ઉપયોગીતા લાંબા સમય સુધી ટકાવી રાખવા અંગે ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે સુધારા લાવવા અને તેમાં ગ્રામ્ય વિસ્તારની ભાગીદારીનો સમાવેશ થાય તે માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપવાની ખાત્રી સાંસદશ્રીએ આપી હતી.

આગામી દિવસોમાં ચેમ્બર દ્વારા સરકારી અધિકારીઓ, ઉદ્યોગકારો અને ગ્રામજનો સાથે એક સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સાંસદ શ્રી પ્રભુભાઇ વસાવા પણ સાથે રહેશે તેવી ખાત્રી તેમણે ચેમ્બરને આપી હતી.